# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧.

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com

ક્રમાંક: મા-૩/સેવા જોડાણ પૂર્તતા/૨૦૨૬/ ૬૪૮૪ તા. ૦૨/૦૫/૨૦૨૬.

**ખૂબ જ અગત્યનું**

પ્રતિ,
પ્રમુખશ્રી/આચાર્યશ્રી,
બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
સુરત, જિ-સુરત.

**વિષય :** આચાર્ય અને જૂના શિક્ષકની સેવા જોડાણની દરખાસ્તમાં પૂર્તતા હેઠળનાં કેસોમાં જરૂરી તમામ પૂર્તતાના આધારો પૂરતી ચકાસણી કર્યા બાદ જ દરખાસ્ત રજૂ કરવાની રહેશે.

**સંદર્ભ :** નિયામકશ્રી, નિયામક શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:-ધ/માધ્ય/પેન-૧/૨૦૨૬/૩૬૪૫-૭૮, તા-૦૨/૦૫/૨૦૨૬.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મદદનીશ શિક્ષકમાંથી આચાર્ય તરીકે સીધી ભરતીથી નિમણૂક અને શિક્ષકમાંથી જૂના શિક્ષક તરીકે નિમણૂક પામેલ હોય અને નાણા વિભાગનાં તા:-08/11/2024 અને તા:-16/04/2025ના ઠરાવની જોગવાઈ મુજબ જૂની પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર હોય તેવા કર્મચારીઓનાં કેસોમાં સેવા જોડાણની દરખાસ્ત અત્રેની કચેરી દ્વારા રૂબરૂ તા-૨૨/૦૪/૨૦૨૬ (બુધવાર)ના રોજ ગાંધીનગર ખાતે રજૂ કરવામાં આવેલ હતી.

સદર સેવા જોડાણની તમામ દરખાસ્ત પૈકી પૂર્તતા હેઠળ આવેલ દરખાસ્તને શાળાનાં આચાર્યશ્રીને તા-૨૯/૦૪/૨૦૨૬ને બુધાવારનાં રોજ રૂબરૂ માર્ગદર્શન સહીત પૂર્તતા અર્થે પરત કરવામાં આવેલ હતી. જેથી આચાર્યશ્રીને સમજૂત કરવામાં આવેલ સદર દરખાસ્તમાં પૂર્તતા ફરજિયાતપણે હવે પછી કેમ્પનું આયોજન કરવામાં આવે ત્યારે રજૂ કરવાની રહેશે. જે દરખાસ્તમાં પૂર્તતા થઇ શકે તેમ નથી. તો તેના કારણો સહીત તેની લેખિતમાં શાળા મંડળ અને આચાર્યશ્રીએ સંયુક્ત સહી સાથેનું બાંહેધરીપત્ર દરખાસ્ત સાથે રજૂ કરવાનું રહેશે. દરખાસ્તમાં માંગેલ પૂર્તતાનાં આધારો શાળા મંડળ કે શાળાનાં આચાર્ય પાસે ઉપલબ્ધ નથી. તો તેની લેખિત બાંહેધરી શાળા મંડળ અને આચાર્યશ્રીની સંયુક્ત સહી સાથેનું રજૂ કરવામાં નહિ આવે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળા મંડળ અને શાળાનાં આચાર્યશ્રી રહેશે. તેમજ શાળા મંડળ અને આચાર્યશ્રી સામે નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની ગંભીર નોંધ લેશો.

**ખાસ નોંધ:-** શાળા કક્ષાએથી સેવા જોડાણની દરખાસ્ત કેમ્પમાં રજૂ કરવામાં નહિ આવે અને દરખાસ્ત શાળા કક્ષાએ પડતર રહેશે અને સેવા જોડાણ ન થવાને કારણે પાત્રતા ધરાવતા કર્મચારી NPS TO OPSનાં લાભાર્થી વંચિત રહેશે. તો તેની સંપૂર્ણ જવાબદારી શાળા મંડળ અને આચાર્યશ્રીની રહેશે. જેની ગંભીર નોંધ લેશો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ-સુરત.